# ભારતીય જનતા પાર્ટી

ગુજરાત પ્રદેશ

પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૭ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com

**પ્રેસનોટ** **તા.૦૧/૦૭/૨૦૦૯**

ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ ગુજરાતના ગ્રામીણ અને કૃષિ વિકાસલક્ષી બજેટને આવકારતા જણાવ્યુ છે કે ગુજરાતના ૨૦૦૯-૨૦૧૦ના બજેટમાં કૃષિ સિંચાઈ માટે ૮૨૭૯ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે કે ગુજરાતના ખેડુતો અને ખેતી પ્રત્યેની કટિબધ્ધતા દર્શાવે છે.

રાજયમાં બાકી રહેલા તમામ ખેડુતોને આ વર્ષે સોઈલ હેલ્થ કાર્ડ અપાશે તથા દરેક ગામના ગરીબ ખેડુતોને ઈનપુટ કીટસ અને ઓજારો વિના મૂલ્યે અપાશે જ્યારે ફળ તથા શાકભાજીના પરિક્ષણ માટે ૧૮ જીલ્લાની ૧૬ હજાર બહેનોને તાલીમ અપાશે.

૫૪૫ ગામ તળાવો ઉંડા કરાશે તથા ૧૨ હજારથી વધુ જળસંગ્રાહક સ્ટ્રકચર બનાવાશે. પશુધનના વિકાસ માટે બે નવી વેટનરી કોલેજ સહિત અનેક પગલાં લેવાશે તથા અંતરાયળ ગામોમાં કોલ્ડ સ્ટોરેજ ઉભા કરાશે. ગ્રામીણક્ષેત્રમાં રોજગારી, આવાસ યોજના અને પ્રાથમિક સુવિધાઓ સ્વસહાય જુથોની રચના પણ કરાશે અને આમ સર્વાંગી ગ્રામીણ વિકાસ માટે અનેક પગલા લેવાશે.

રાજયમાં બાકી રહેલા ૯૦૭ જેટલા ગામ તથા ફળિયાઓને ગુણવત્તાવાળુ પીવાનું પાણી પણ પહોંચાડાશે. ગામડાંઓ સ્વચ્છ અને નિર્મળ બને એ માટે ગટર વ્યવસ્થા, સફાઈ કામો વગેરે માટે રૂા. ૮૦ કરોડની ફાળવણી કરાઈ છે. જ્યારે રૂરલ-અર્બન પ્રોજેકટ દ્વારા ગામડાંઓમાં આર્થિક નવી તકો ઉભી કરી ગામડા અને શહેર વચ્ચેની ખાઈ પુરવા પ્રયત્ન કરાશે.

સરદાર સરોવર યોજનાના કેનાલના બાકી કામો ઝડપથી પુરા કરાશે તથા માર્ચ -૨૦૦૯ સુધીમાં ૪.૬૦ લાખ હેક્ટર જમીનને સિંચાઈ અપાઈ છે જે વધારીને માર્ચ ૨૦૧૦માં ૬.૫૦ લાખ હેક્ટર કરાશે. ટપક અને ફુવારા સિંચાઈ માટે શરૂ કરેલ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા સરસ કામગીરી થઈ રહી છે અને ચાલુ વર્ષે આ માટે રૂા. ૧૫૦ કરોડની સબસીડી અપાશે. નર્મદાના પાણી આધારિત સુજલામ-સુફલામ યોજનામાં સ્પ્રેડિંગ કેનાલનું કામ ૩ નવી પાઈપલાઈન દ્વારા વાત્રક, માઝમ, મેશ્વો, દાંતીવાડા, સીપુ તથા ધરોઈ જળાશયોમાં પાણી પહોંચાડાશે.

રાજ્યમાં શરૂ કરાયેલ વિવિધ સિંચાઈ યોજનાઓ ઝડપથી પુરી કરવા પુરતા નાણા ફાળવાયા છે તથા સૌરાષ્ટ્ર ઘેડ વિસ્તાર તથા દક્ષિણ ગુજરાતની દરિયાઈ ક્ષાર પ્રવેશના પ્રતિરોધક કામોની યોજનાઓને પુરી કરાશે. સહભાગી સિંચાઈ વ્યવસ્થા માટે ખેડુતોને વધુ સહકારી નિયત મંડળીઓ સોંપાશે તથા કચ્છ સુરેન્દ્રનગર જેવા અનેક વિસ્તારોમાં ચેકડેમો બંધારા કામો પુરા કરાશે. કલ્પસર યોજનાનો બેંકેબલ અહેવાલ તૈયાર કરવા પણ રૂા. ૩૬ કરોડની ફાળવણી થઈ છે.

અંતમાં શ્રી રૂપાલાજી જણાવે છે કે ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રચાયેલી સરકારે છેલ્લા પાંચ વર્ષથી કૃષિ મહોત્સવ દ્વારા જબરજસ્ત ખેતક્રાંતિ કરી છે. કૃષિ ઉત્પાદન ત્રણ ગણાથી પણ વધારે થયુ છે હવે ખેડુતોને ખેતપેદાશના મહત્તમ ભાવ મળી રહી તે માટે નવી એગ્રોબિઝનેસ પોલીસી આવકારદાયક છે.